150 YEARS OF CELEBRATING THE MAHATMA


# જિલ્લા પંચાયત-જામનગર

## હિસાબી શાખા

**Phone: 0288-2550286 (PBX - 361) Fax: 288-2670486**
**Email: ao-ddo-jam@gujarat.gov.in**


નં.હિસાબી/સેક-૧૦/વર્ક- ૧૫૮૨ થી ૧૬૧૪ / ૨૦૨૨ તા: ૦૭ / ૧૦ / ૨૦૨૨

## મુદ્રણકામ/બાઈન્ડીંગ કામના રેઈટ કરાર આદેશ સને ૨૦૨૨-૨૩,૨૦૨૩-૨૪,૨૦૨૪-૨૫

**કાર્યાલય આદેશ :**

સને ૨૦૨૨-૨૩,૨૦૨૩-૨૪,૨૦૨૪-૨૫ના વર્ષ માટે જિલ્લા પંચાયત જામનગર તથા તેના નિયંત્રણ હેઠળની કચેરીઓ તથા પેટા કચેરીઓના મુદ્રણકામ/બાઈન્ડીંગકામ માટે જાહેર નિવિદાથી ઓનલાઈન ઈ-ટેન્ડર પધ્ધતિથી ટેન્ડર બહાર પાડવામાં આવેલ હતા.આ પૈકી નીચે દર્શાવ્યા મુજબની પાર્ટીના આવેલ ટેન્ડરમાં સામેલ રાખેલ પરિશિષ્ટ ૧ થી ૭ મુજબના નેગોસીએશન કર્યા બાદના લોએસ્ટ ભાવો ગ્રાહ્ય રાખી નીચે જણાવેલ શરતોને આધિન મંજુર કરવામાં આવે છે.

**પરિશિષ્ટ ૧ થી ૭ માટે :**

એકતા ઓફસેટ પ્રા.લી.
૯/બ સાધના સોસાયટી ,
સીવીલ હોસ્પીટલ સામે,
નડીયાદ-૩૮૭૦૦૧
મો.નં. : ૯૯૦૪૮૫૩૮૦૦,૭૮૦૨૮૫૨૧૦૦
ઈ મેઈલ : ektaoffset2015@gmail.com

**શરતો :**

૧) આ ભાવો તારીખ : ૩૧/૧૦/૨૦૨૫ સુધી અમલમાં રહશે.આ કરારની મુદત પુર્ણ થયા બાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને આ કરાર સમાન ભાવ અને શરતોથી વધુ સમયગાળા માટે લંબાવવાનો અધિકાર રહેશે,જે કરાર ધરાવતી પાર્ટીને બંધનકર્તા રહેશે.

૨) અત્રેથી મંજુર કરવામાં આવેલ ભાવો તમામ પ્રકારના કરવેરા તથા લેબર ચાર્જીસ, પેકીંગ,ફોરવર્ડીંગ ચાર્જીસ તથા ટ્રાન્સ્પોર્ટેશન (નુર ભાડુ) સહિતના રહેશે.

૩) આ કરારની મુદત સુધી કોઈ પણ કારણોસર કોઈ પણ આઈટમના ભાવોમાં પાર્ટી દ્વારા વધારો માંગી શકાશે નહિ.

૪) શાખાઓ,કચેરીઓ તરફથી મુદ્રણકામ/બાઈન્ડીંગકામનો ઓર્ડર આપ્યા બાદ સુચના મુજબ તુરત જ કામ કરી આપવાનુ રહેશે. આ વર્ક ઓર્ડરમાં શાખા/કચેરીના જવાબદાર અધિકારીની સહિ હોવી જરૂરી છે.

૫) ઓર્ડર આપ્યા તારીખથી દિવસ-૧૦માં ઓર્ડર મુજબનો માલ ઓર્ડરમાં દર્શાવવામાં આવે તે સ્થળે એજન્સીએ પંહોચતા કરી આપવાનો રહેશે.દિવસ-૧૦માં માલ નહિ મળ્યેથી માલ સ્વીકારવો કે કેમ તેનો નિર્ણય ઓર્ડર આપનાર અધિકારી કરશે. જે પાર્ટીને બંધનકર્તા રહેશ. ઓર્ડરમાં દર્શાવેલ માલ દિવસ-૧૦માં મળે નહિ ત્યારે જેટલા દિવસનુ મોડુ થશે,તેટલા સમયગાળા માટે પ્રત્યેક કેલેન્ડર વીક દીઠ ઓર્ડરની કિંમતના ૦.૫૦ ટકા લેખે પેનલ્ટી વસુલ કરવાની સતા ઓર્ડર આપનાર અધિકારીની રહેશે.

૬) આ કામ કર્યા બાદ સબંધિત શાખા/કચેરીના માલ સપ્લાય કરતી વખતે બે નકલમાં ડીલીવરી ચલણમાં શાખાધિકારીની સહિ લેવાની રહેશે.આ કરેલ કામ અને આપેલ માલના શાખા/કચેરીવાર ડીલીવરી ચલણ રાખવાના રહેશે.જેમાં માલ મળ્યા બદલ માત્ર શાખાધિકારીની જ સહી મેળવવાની રહેશે.આવા ચલણ વગર માલ આપવા તથા સ્વીકારવાનો રહેશે નહિ.

૭) આવી સપ્લાય ચલણબુક આ કરાર ધરાવતી પાર્ટીએ પદરના ખર્ચે બનાવવાની રહેશે.આ ચલણ ત્રણ નકલમાં લખવાના રહેશે .

૮) આ કરાર ધરાવનાર પાર્ટીએ સુચના મુજબના કામ કરી ડીલીવરી કર્યા બાદ દર માસના અંતે કામના શાખાવાર બીલ બનાવવાના રહેશે. આ બીલ બે નકલમાં અને ડીલીવરી ચલણની એક નકલ સાથે જે તે શાખા/કચેરીને પંહોચાડવાના રહેશે.આવા દર માસના બીલો બીજા માસની પાંચ તારીખ સુધીમાં મોકલી આપવાના રહેશે.સપ્લાય કરેલ માલનુ ચુકવણુ એકાઉન્ટ પે ચેકથી જ કરવાનુ રહેશે.આવા બીલ મળ્યા બાદ દિવસ-૧૦માં ચુકવણા કરવામાં આવશે. બીલની વિલંબીત ચુકવણી ઉપર કોઈ જ વ્યાજ ચુકવવામા આવશે નહિ.

૯) આ કરાર માટે કોઈ પણ વિવાદ ઉપસ્થિત થશે તો જિલ્લા વિકાસ અધિકારીશ્રી જામનગરનો નિર્ણય આખરી ગણાશે.આ કામે કાયદાનુ ન્યાયક્ષેત્ર જામનગર શહેરનુ ન્યાયાલય ગણાશે.

૧૦) આ કરાર અન્વયે વર્ક ઓર્ડર મુજબ અને ટેન્ડરની શરતો અનુસાર સંતોષકારક સેવા કે માલ પુરો પાડવામાં આવશે નહિ તો આવી કરારી પાર્ટીના કરારનો અંત લાવી શકાશે અને તેમની સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને કરાર અન્વયેનુ કામ અન્ય પાર્ટી પાસે કરાવી શકાશે.

૧૧) આ કામગીરી અંગેના ચુકવણાના બીલમાંથી નિયમોનુસાર INCOME TAX,GST-TDS કાપવાનો રહેશે.

૧૨) આ રેઈટ કોન્ટ્રાક્ટ જિલ્લા પંચાયત જામનગર તેમજ તેના નિયંત્રણ હેઠળની ગ્રામ્ય અને તાલુકા મથકની કચેરીઓ જેવી કે તાલુકા પંચાયતો,ગ્રામ પંચાયતો,બાંધકામ,ઈરીગેશન, આરોગ્ય કેન્દ્રો,આઈ.સી.ડી.એસ.ઘટક ,ખેતીવાડી કે જિલ્લા પંચાયતની કોઈ પણ શાખાની કે ગ્રામ્ય કક્ષાની કચેરીઓ કે પેટા કચેરીઓ મુદ્રણકામ/બાઈન્ડીંગ કામ કરાવવાનુ રહેશે.તાલુકા/ગ્રામ પંચાયતના કામના ચુકવણા સંબંધિત તાલુકા/ગ્રામ પંચાયતે કરવાના રહેશે.તદ્દપરાંત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,આરોગ્ય તંત્રની સ્વાયત કચેરીઓ જેવી કે જિલ્લા આરસીએચ સોસાયટી-ડીસ્ટ્રીક્ટ હેલ્થ મિશન પણ આ જ કરાર અન્વયે મુદ્રણકામ/બાઈન્ડીંગ કામ કરાવી શકશે અને તેવા કામના ચુકવણાની જવાબદારી જે તે શાખા/કચેરીની રહેશે.તાલુકા/ગ્રામ્ય કક્ષાની કચેરીઓ કે જેના ચુકવણા જિલ્લા પંચાયત મારફતે થાય છે,તે કચેરીઓની જિલ્લા પંચાયતની નિયંત્રણ કરતી શાખાઓ મારફતે યોગ્ય વ્યવસ્થા ગોઠવી આ કરાર અન્વયે કામગીરી કરવવાની રહેશે.

૧૩) આ કરાર અન્વયે કરાવવામાં આવેલ કામનો ખર્ચ જે તે શાખાઓના તેમના સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ ગ્રાન્ટના પાકા સદરે કરવાનો રહેશે.

૧૪) આ સાથે મંજુર કરેલ ભાવો ટેન્ડર ડોક્યુમેન્ટની સામાન્ય અને ખાસ શરતોને આધિન રહેશે.

૧૫) આઈટમવાઈઝ મંજુર થયેલ સ્પેસીફિકેશન મુજાબની જ કામગીરી કરાવવાની રહેશે તે સિવાયની અન્ય આઈટમની કામગીરી કરાવવાની રહેશે નહિ.

૧૬) મુદ્રણકામ/બાઈન્ડીંગ કામ અંગે મંજુર થયેલ ભાવ તથા જથ્થા મુજબના માલ તથા તેની ગુણવતા વગેરેની ચકાસણી કરવાની જવાબદારી ઓર્ડર આપનાર તથા માલ મેળવનાર અધિકારીશ્રીની રહેશે.

૧૭) સંબંધિત શાખા/કચેરીએ કરાવેલ કામગીરી અંગે સ્ટોક જમા તથા ઈસ્યુ રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૧૮) આ રેઈટ કોન્ટ્રાક્ટ મુજબના કામ અંગેના બીલમાં પરીશિષ્ટ નંબર ,આઈટમ નંબર,આઈટમની વિગત,ભાવ,જથ્થો વગેરે તમામ વિગતો પાર્ટીએ ફરજીયાત દર્શાવવાની રહેશે.

૧૯) સંબંધિત શાખા દ્વારા આ અંગેનુ બીલ હિસાબી શાખામાં ચુકવણા માટે રજુ કરતી વખતે નીચે મુજબના પ્રમાણપત્રો બીલની પાછળ શાખાધિકારીશ્રીની સહીથી આપવાના રહેશે.

અ) બીલમાં દર્શાવેલ તમામ પ્રકારની આઈટમ નિયત સ્પેશીફીકેશન મુજબ અને નિયત ગુણવતા મુજબ સારી હાલતમાં અને પુરતા જથ્થામાં મળેલ છે.

બ) બીલમાં દર્શાવેલ આઈટમ/વસ્તુ અત્રેની શાખા/કચેરીના ઈન્વેન્ટરી/છાપકામ રજીસ્ટરના પાના નંબર........ક્રમ નંબર..... ઉપર જમા લેવામાં આવેલ છે.

રવાના કર્યુ

Key

હિસાબી અધિકારી

જિલ્લા પંચાયત જામનગર

સહી

જિલ્લા વિકાસ અધિકારી

જામનગર

**સામેલ : પરીશિષ્ટ ૧ થી ૭ ભાવ પત્રક**

પ્રતિ,

એકતા ઓફસેટ પ્રા.લી.

૯/બ સાધના સોસાયટી ,

સીવીલ હોસ્પીટલ સામે,

નડીયાદ-૩૮૭૦૦૧

મો.નં. : ૯૯૦૪૮૫૩૮૦૦,૭૮૦૨૮૫૨૧૦૦

ઈ મેઈલ : ektaoffset2015@gmail.com

**નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે :**

(૧) શાખાધિકારીશ્રી,.........................(તમામ)

જિલ્લા પંચાયત જામનગર

ઉક્ત રેઇટ કરાર આદેશ તથા શરતો મુજબ આપના નિયંત્રણ હેઠળની તમામ કચેરીઓને જાણ તથા અમલ કરવા સારુ

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી.....(તમામ)

(૩) નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,જામનગર

(૪) કચેરી ફાઇલે